ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

### પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટે યોજાતા

# “સ્વાગત” કાર્યક્રમને વીસ વર્ષ પૂર્ણ થતાં ઉજવણી કરાશે

**ગ્રામ સ્વાગત, તાલુકા સ્વાગત અને જિલ્લા સ્વાગતમાં રજુ થયેલા પ્રશ્નોના નિરાકણ માટે ઝુંબેશરૂપે કામગીરી કરવાની રહેશે**

ગાંધીનગર, તા. ૧૨

સ્વાગત કાર્યક્રમને ચાલુ માસમાં વીસ વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોવાથી તેની ઉજવણી આ માસના છેલ્લા સપ્તાહમાં કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

સ્વાગત સપ્તાહની ઉજવણી કરવા સાથે પ્રજાના રજુ થયેલા પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે ઝુંબેશ સ્વરૂપે કામગીરી કરવામાં આવે તેવા સ્પષ્ટ સંકેત પણ સરકારે તંત્રને આપ્યા છે.

એપ્રિલના છેલ્લા સપ્તાહમાં સ્વાગત સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. ગ્રામ સ્વાગત, તાલુકા સ્વાગત, જિલ્લા સ્વાગતના કાર્યક્રમોના આયોજન કરવા તેમજ તાલુકા સ્વાગત અને જિલ્લા સ્વાગતમાં રજુ થયેલા પ્રશ્નોના નિરાકરણ માટે ઝુંબેશરૂપે કામગીરી કરવાની રહેશે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ માટે તાલિમ સહિતના કાર્યક્રમોનું આયોજન કરી જિલ્લાતંત્રને મોકલી આપવામાં આવ્યુ છે. ૨૦મી સુધી આ માટેની તાલિમ આપવામાં આવનાર છે. મળતી વિગતો પ્રમાણે ૧૧ થી ૧૭ એપ્રિલ દરમ્યાન ગ્રામ સ્વાગત માટે ખાસ કેમ્પોનું આયોજન કરવા પણ જણાવવામાં આવ્યુ છે.

૨૪ થી ૨૬ એપ્રિલ દરમ્યાન તાલુકા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે. જ્યારે ૨૭મીએ સવારે જિલ્લા સ્વાગત અને બપોરે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં રાજ્ય સ્વાગત કાર્યક્રમનું આયોજન કરાશે.

રાજ્ય સ્વાગત કાર્યક્રમ પછી મુખ્યમંત્રી દ્વારા જિલ્લાઓમાં યોજાયેલ સ્વાગત કાર્યક્રમોની સમીક્ષા કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૧૫મી એપ્રિલે પંચાયતના સંકલનમાં રહી તલાટીઓ અને પંચાયતના સભ્યોને બાયસેગથી તાલિમનું આયોજન કરવામાં આવ્યુ છે. ૧૭ થી ૨૦ દરમ્યાન નવ નિયુક્ત મામલતદારો અને તાલુકા વિકાસ અધિકારીઓ માટે તાલિમનું આયોજન કરવામાં આવ્યુ છે.

૧૧ થી ૧૭ એપ્રિલ સુધીમાં જિલ્લા પંચાયત સીટવાર મોટા ગામોમાં કેમ્પ કરવા વર્ગ-૨ના અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાય તે રીતે આયોજન કરવા પણ જણાવવામાં આવ્યુ છે.

### પંચાયતની ૨૮ બેઠકો પર “સ્વાગત” માટે નોડલ અધિકારીઓ નિમાયા

સ્વાગત સપ્તાહની ઉજવણીને લઈ જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટે નોડલ અધિકારીઓની નિયુક્તી કરતા હુકમો પંચાયત દ્વારા જારી કરી દેવામાં આવ્યા છે. જિલ્લાના ચારેય તાલુકામાં આ નોડલ અધિકારીઓ કેમ્પ કરી સ્વાગત કાર્યક્રમ અંગેના પ્રશ્નો એકત્ર કરશે અને તેના નિરાકરણ માટેના પ્રયાસો કરવામાં આવશે.

# ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી કરવાના થતા વિકાસ કામો માટે તંત્રની ઉદાસીનતા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટ અંતર્ગત જિલ્લાકક્ષાના કામો ધીમી ગતિએ ચાલી રહ્યા હોવાથી તંત્રની ઉદાસીનતા લોકજીભે ચર્ચાનો મુદ્દો બની છે.

વર્ષ-૨૦૨૨-૨૩ના કામો હજુ શરૂ નહિ થયા હોવાનું જાણવા મળેલ છે. ૨૨-૨૩ના કામોમાંથી કેટલાક કામો ના મંજૂર કમિશનર કક્ષાએથી થઈ આવ્યા પછી તેમાં બદલાવ કરી તંત્રએ મોકલી આપ્યા હતા. તેને મંજૂરી મળી ગઈ છે પરંતુ ચૂંટાયેલી પાંખના મતભેદોને પગલે હજુ વહીવટીય અને તાંત્રિક મંજૂરીમાં ઘણા કામ અટવાયેલા પડ્યા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા અને તાલુકા કક્ષાના કામોમાં તંત્રની ઉદાસીનતા જોવા મળી રહી છે. બીજી તરફ વર્ષ ૨૦૨૨-૨૩માં જિલ્લાને નાણાંપંચની ગ્રાન્ટ પેટે રૂ. ૪૪ કરોડ મળ્યા છે. જિલ્લાને મળેલ ગ્રાન્ટની ફાળવણી ગ્રામકક્ષાએ તાલુકા કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં વિકાસના કામો ધીમી ગતિએ ચાલી રહ્યા હોવાને લઈ જિલ્લા વિકાસ અધિકારીએ પણ વારંવાર નારાજગી વ્યક્ત કરી અને મોનીટરીંગ સતત કર્યા પછી પણ હજુય ઘણા કામો પ્રગતિ હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં પંદરમા નાણાંપંચની ગ્રાન્ટ ચાર હપ્તામાં જિલ્લાને મળી છે. જિલ્લામાં ટાઈડ ગ્રાન્ટ અને અનટાઈડ ગ્રાન્ડ તરીકે આ નાણાં વિકાસ તેમજ અગ્રતા ધરાવતા કામો હાથ ધરવાના હોય છે.



ઉનાળાની જમાવટ - હવે, ઉનાળો જામી રહ્યો છે... શહેરમાં બપોરે રાજમાર્ગો સ્વાભાવિક જ સુમસામ બની રહ્યા છે... અને ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો ચહેરાને ગરમીથી બચાવવા કેપ, ગમછો, દુપટ્ટાનો આશરો લેતા નજરે પડે છે... રાહદારીઓ બપોરે ૧૨ થી ૪ ગરમીમાં બહાર નિકળવાનું ટાળી રહ્યા છે... સુમસામ લાગતું શહેર જાણે કરફ્યુ હેઠળ હોય એવી અનુભૂતિ થાય છે... હજુ તો આગામી દિવસોમાં ગરમી વધવાની છે... ત્યારે સૌએ ગરમીથી બચવા હાથવગા ઉપાયો કરવા જ રહ્યા...

# સતત બીજે દિવસે ૨૮ દર્દીઓએ ડિસ્ચાર્જ મેળવ્યુ

**કોરોનાના નવા ૭ કેસ નોંધાયા : શહેરમાં ૫ અને ગ્રામ્યમાં બે કેસ : સે. ૨, ૩૦, ૧૪ માંથી એક-એક તેમજ સરગાસણમાંથી બે કેસ મળ્યા : ગ્રામ્ય વિસ્તારમાં અડાલજ અને માણસા શહેરમાંથી એક-એક કેસ**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા પાંચ કેસ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવા બે કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સામે નવા કેસ ઓછા નોંધાયા છે.

આજે સતત બીજે દિવસે ૨૮ દર્દીઓએ રિકવરી પ્રાપ્ત કરતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લામાં ૨૩ દર્દીઓએ રિકવરી પ્રાપ્ત કરી લેતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે જ્યારે શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

શહેર-જિલ્લામાં જે રીતે કેસો મળી રહ્યા છે અને સતત ચડાવ-ઉતાર કેસોમાં નોંધાઈ રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. તંત્રએ ટેસ્ટીંગ, ટ્રેકીંગ અને ટ્રીટમેન્ટની રણનીતિને વધુ સઘન બનાવવા સાથે કોરોના સામે લડવા લોકોમાં જન જાગૃત્તિ વધે તે માટે ભાર મુક્યો છે.

શહેર-જિલ્લામાં સંક્રમણ સ્થિર થયાની વાતો તબીબી જગતમાં ચર્ચાતી સાંભળવા મળી રહી છે. બીજી તરફ મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી રહી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ નોંધાયા છે. બન્ને કેસ મહિલા દર્દીના છે. ગાંધીનગર અને માણસામાંથી આ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી ૩૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વખતે પણ અડાલજ ગામ કોરોના માટે સંવેદનશીલ બની ઉભરી રહ્યુ છે.

માણસા શહેરમાં ૩૮ વર્ષીય કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. માણસામાં માણસા શહેરમાંથી જે રીતે કેસો નોંધાઈ રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા પાંચ કેસમાં બે મહિલા દર્દી છે. આજે નોંધાયેલ કેસમાં બે સિનીયર સિટીઝનનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ત્રણ કેસ સેક્ટરોમાં તો બે કેસ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. શહેરમાં સમાવિષ્ટ સરગાસણમાંથી સતત કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ અહિ સર્વેલન્સ તેમજ આઈસોલેશનના નિયમોની અમલવારી કડક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# આગામી ત્રણ દિવસ દરમ્યાન જિલ્લામાં ગરમીનો પારો ૪૧ ડિગ્રીએ પહોંચશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૬મી એપ્રિલ સુધી આકરી ગરમી પડશે તેવુ હવામાન-પૂર્વાનુમાન છે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા જારી કરાયેલ કૃષિ સલાહ બુલેટીન અને હવામાન-પૂર્વાનુમાનના અંક નં. ૩ માં આ પૂર્વાનુમાન કહેવામાં આવ્યુ છે.

તા. ૧૨ એપ્રિલથી ૧૬ એપ્રિલ સુધીનું હવામાન-પૂર્વાનુમાન કરતાં જણાવવામાં આવ્યુ છે ૧૪-૧૫ અને ૧૬ એપ્રિલે ગરમીનો પારો ૪૧ ડિગ્રીએ પહોંચશે જ્યારે ૧૨ અને ૧૩ દરમ્યાન ગરમીનો પારો ૪૦ ડિગ્રી રહેશે.

આ પાંચેય દિવસ આકાશ મોટાભાગે સ્વચ્છ અને ચોખ્ખુ રહેશે. વરસાદ પડવાની શક્યતા નથી. લઘુત્તમ તાપમાન ૨૨-૨૩ ડિગ્રી સેલ્સીયસ રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૧ થી ૪૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

પવનની સરેરાશ ગતિ ૧૨ થી ૧૭ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે જે ગરમીમાં થોડીક રાહત આપશે.

પશુપાલકોને પણ માર્ગદર્શન આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે બપોરના સમયે પશુઓને છાંયડામાં રાખવા તેમજ ૧૧ થી ૩ ના સમયગાળામાં નિરણ આપવાનું ટાળવુ. પરઘાઘર માટે પડડાની વ્યવસ્થા કરવા પણ જણાવવામાં આવ્યુ છે.

# ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત ન થાય ત્યાં સુધી પીસીઆર વાન રાઉન્ડ લે તેવી માંગણી

**છેલ્લા બે મહીનાથી મોબાઇલ ચોર ગઠીયાઓના આતંકથી મુસાફરો ભયભતી : ડેપોમાં પોલીસ ચોકી માટે જગ્યા તૈયાર પણ હજુ સુધી કાંઇ થયુ નથી**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર એસ ટી ડેપોમા રોજબરોજ મુસાફરોના ખિસ્સા કપાય છે જયારે છેલ્લા બે મહીનાથી મોબાઈલ ચોરીનો ઉપદ્રવ વધી ગયો છે. બસમાં ચઢતી ઉતરતી વેળાએ મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લેતા ગઠીયાઓ પોલીસ પહેરના અભાવે બિન્દાસ્ત બન્યા છે. આવા સંજોગોમાં પોલીસ ચોકી કાર્યરત કરવાની વાત પણ છેલ્લા બે વર્ષથી અધ્ધરતાલ છે. ત્યારે ડેપો સંકુલને ગઠીયાઓના સામ્રાજયમાંથી મુકત કરાવવા માટે દર કલાકે પી સી આર વાન રાઉન્ડ લે તેવી માંગણી પણ પ્રબળ બની છે. ડેપો કક્ષાએથી પણ આ મામલે રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં આડા દિવસોમાં પણ રોજબરોજ ચોરીના બનાવો બને છે. બસમાં ચઢતી વેળાએ મુસાફરોના ખિસ્સામાં ગઠીયાઓ હાથફેરો કરી લેતા મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બને છે. મુસાફરોના ખિસ્સામાંથી પાકીટ તેમજ મોબાઈલની ઉઠાંતરીના બનાવો વધ્યા છે. જેના લીધે ગાંધીનગર ડેપોમાં અવરજવર કરતા મુસાફરોમાં ભયની લાગણી વ્યાપી છે. છેલ્લા બે મહીનામાં મોબાઈલ ચોરીનો ઉપદ્રવ ખુબ જ વધી ગયો છે. બે મહીનામાં ૧૫ થી વધુ મુસાફરોના ખિસ્સામાંથી મોબાઈલ ચોરાયા છે. એસ ટી ડેપોમાં મોબાઈલ ચોરી અને પીક પોકેટીંગના બનાવો અટકાવવા માટે છેલ્લા દોઢ દાયકાથી પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પ્રબળ માંગણી કરવામાં આવી રહી છે. ડેપો સંકુલમાં વધતા ચોરીના બનાવોને

● અનુસંધાન પાન-૭ પર

# પાણીનો બગાડ અટકાવવા માટે આકસ્મિક તપાસ હાથ ધરાશે

**નળમાંથી ટપકતુ પાણી, ગેરકાયદેસર જોડાણ, રહેણાંકના જોડાણમાં કોર્મશિયલ ઉપયોગ સહીતના મુદ્દે તપાસ હાથ ધરી દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે નવી લાઈન નાંખવામાં આવી રહી છે જયારે આકરી ગરમીના દિવસો શરૂ થતા હવે સેકટરોમાં પાણીનો વપરાશ પણ વધી ગયો છે. જો કે આવા દિવસોમાં પાણીની બુમ પણ અનેકવાર ઉઠવા પામે છે. ત્યારે તંત્રએ જળ સંચય અભિયાન અન્વયે પાણીનો બગાડ અટકાવવા માટે આગામી આકસ્મિક દિવસોમાં સેકટરોમાં તપાસ ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. જેમાં પાણીના ગેરકાયદેસર જોડાણ , નળમાંથી ટપકતુ પાણી અને રહેણાંકના જોડાણમાં કોર્મશિયલ ઉપયોગ સહીતના મુદ્દે પણ ચકાસણી કરી જવાબદારો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે.

ગાંધીનગર શહેરમાં આકરી ગરમીના દિવસો શરૂ થતા પાણીનો વપરાશ વધ્યો છે. છેલ્લા કેટલાક સમયથી શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવાના પ્રોજેકટ અન્વયે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે આ દરમિયાન સેકટરોમાં ઘણીવાર પાણીની પોકાર પણ ઉઠવા પામે છે. એકબાજુ નવી લાઈન નાંખવામાં આવી રહી છે. બીજીતરફ તંત્રને ઘણીવાર પુરતુ પાણી ન મળતા સપ્લાયમાં પણ કાપ આવી જતો હોવાની સ્થિતિ ઉભી થાય છે. નભોઇ પમ્પીંગ સ્ટેશનથી પુરતો સપ્લાય ન મળતા અનેકવાર પાણીની ખેંચ સર્જાય છે અલબત્ત જરૂરિયાત સામે પ્રતિદિન સપ્લાયમાં અંદાજિત ૮ એમ એલ ડી જેટલી ઘટનો પ્રશ્ન ઉદભવે છે. ગાંધીનગરમાં એક અંદાજ મુજબ દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ થતો હોવાનુ મનાય છે. આમછતા સેકટરોમાં પાણીની પોકારનો અંત આવતો નથી ક્યારેક પુરતી ટાંકી ન ભરાઈ હોવાનો આક્રોશ ગૃહીણીઓ વ્યકત કરે છે. જયારે કયારેક સમય કરતા વહેલો સપ્લાય બંધ કરી દેવાતો હોવાની બુમ પણ ઉઠવા પામે છે. આવા સંજોગોમાં ગરમીના દિવસોમાં પાણીનો બગાડ પણ વિશેષ થતો હોય છે. જયારે ગાંધીનગરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં પણ પાણીનો વેડફાટ થતો હોવાનો રોષ જાગૃત નાગરિકો ઘણીવાર

● અનુસંધાન પાન-૭ પર

# આગામી દિવસોમાં રાજ્યમાં સૌથી મોટી ભરતી હાથ ધરાશે : હસમુખ પટેલ

**રાજ્યમાં સિનિયર ક્લાર્ક, ક્લાર્ક અને જુનિયર ક્લાર્કની આશરે ૫૪૦૦થી પણ વધુ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા યોજાશે : તલાટીની પરીક્ષા માટે કન્ફર્મેશન નહીં આપનાર ઉમેદવાર પરીક્ષા આપી શકશે નહીં : હસમુખ પટેલ**

ગાંધીનગર, તા.૧૨

આ સાથે આજે ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન હસમુખ પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે "રાજ્યમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સૌથી મોટી ભરતી હાથ ધરવામાં આવશે. આગામી દિવસોમાં રાજ્યમાં સિનિયર ક્લાર્ક, ક્લાર્ક અને જુનિયર ક્લાર્કની આશરે ૫૪૦૦થી પણ વધુ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા ગૌણ સેવા પસંદગી મંડળ પાસે સરકારના વિવિધ વિભાગો પાસે ખાલી જગ્યાઓની વિગતો મંગાવવામાં આવી છે જેમાં પસંદગી મંડળ દ્વારા ખાલી જગ્યાઓની વિગતો પર આગામી તા.૧૫મી મે સુધીમાં તમામ માહિતી એકત્ર કરી લેવાશે. આ માહિતીના આધારે ભરતી પ્રક્રિયા માટે સમયસર પગલાં ભરવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.

હસમુખ પટેલે જણાવ્યું હતું કે " ઓજસ પ્લેટફોર્મ પર તલાટીની પરીક્ષા અંગે સોફ્ટવેર અપડેટ કરાઈ રહ્યું છે. જેટલા ઉમેદવારો પરીક્ષા આપવા માંગે છે તેમના માટે સારી વ્યવસ્થા ગોઠવાય અને સરકારી સંશાધનોનો વ્યય પણ ના થાય તે હેતુથી ઉમેદવારોએ ઓજસ વેબસાઈટ ઉપર ફોર્મ ભરીને કન્ફર્મેશન આપવાનું રહેશે. રાજ્યમાં તલાટીની પરીક્ષામાં સામેલ થવા માટે લગભગ સત્તર લાખથી વધુ ઉમેદવારો તૈયારી કરી રહ્યાં છે, જેમના માટે આશરે ૫૭૦૦ પરીક્ષા કેન્દ્રોની જરૂર છે પરંતુ અત્યાર સુધીમાં બોર્ડને માત્ર ૩૦૨૨ જેટલા જ પરીક્ષા કેન્દ્રો ઉપલબ્ધ બન્યા છે. આ સ્થિતિમાં હજુ અઢી હજારથી વધુ પરીક્ષા કેન્દ્રોની હજુ વ્યવસ્થા કરવાની બાકી છે. આ બાબતે આખરી નિર્ણય ત્રણેક દિવસમાં લેવાશે. આ પરીક્ષામાં પણ ઉમેદવારોને જિલ્લાની બહાર જ સેન્ટર આપવામાં આવશે અને પરીક્ષાની પેટર્ન અને પેપરની પેટર્ન સરખી જ રહેશે. કન્ફર્મેશન નહીં આપનાર ઉમેદવાર પરીક્ષા આપી શકશે નહીં.

### તલાટીની પરીક્ષા ૭મી મેના રોજ યોજાવાની રાજ્ય સરકારે કરી જાહેરાત

આજે કેબિનેટ બેઠક બાદ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે "તલાટીની પરીક્ષા આગામી તા.૭મી મેના રોજ લેવાશે." અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ જુનિયર ક્લાર્કની પરીક્ષા સંપન્ન થતાં પંચાયત પસંદગી મંડળના ચેરમેન હસમુખ પટેલ દ્વારા તલાટીની પરીક્ષા તા. ૩૦મી એપ્રિલે યોજવાના સંકેત આપવામાં આવ્યાં હતાં. જોકે પરીક્ષા માટે વર્ગખંડોનો અભાવ સહિતના કેટલાંક કારણોસર તલાટીની પરીક્ષા લેવી કે નહીં તે વિચારણા ચાલતી હતી જે અંગે ગુજરાત સરકારની આજે યોજાયેલી કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે હવે તલાટીની પરીક્ષા આગામી સાતમી મેના રોજ લેવાશે અને આ અંગે સરકારે સત્તાવાર જાહેરાત પણ કરી છે. આ સાથે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, તલાટીની પરીક્ષા આપવા માંગતા ઉમેદવારો પાસેથી પરીક્ષા પહેલાં ઉમેદવારો પાસેથી કન્ફર્મેશન લેવામા આવશે. જે ઉમેદવારો કન્ફર્મેશન આપશે તેમની જ પરીક્ષા લેવામાં આવશે. સંસાધનોનો દુરુપયોગ ના થાય તે માટે રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે.

# કોર્પોરેશન બાદ હવે ગુડા માટે લેન્ડ ફીલ્ડ સાઈટ પસંદ કરવાનુ કસોટીરૂપ બન્યુ

**અગાઉ કોર્પોરેશને એક દાયકા સુધી વિરોધ વચ્ચે પ્રયાસો કર્યા જયારે હવે ગુડા માથે જવાબદારી આવતા નવેસરથી પ્રયાસો થઇ રહ્યા છે**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અગાઉ ગુડા વિસ્તારમાં કચરા એકત્રિતકરણ માટે નમુનારૂપ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જો કે ગુડા હસ્તકના ગામો સહીતનો વિસ્તાર કોર્પોરેશનમાં સમાવિષ્ટ થઈ જતા આ વ્યવસ્થા પડી ભાંગી હતી જયારે હવે ગુડાને લેન્ડ ફીલ્ડ સાઈટ પસંદ કરવા માટે જવાબદારી સોંપવામાં આવી છે ત્યારે કોર્પોરેશને સહન કરેલા વિરોધના અંતે હવે ગુડા માટે પણ આ સાઈટ પસંદ કરવાનુ કસોટીરૂપ બન્યુ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ લેન્ડ ફીલ્ડ સાઈટનો અભાવ જવાબદાર છે. સરકારે કોર્પોરેશન વિસ્તાર ફરતે પાંચ કીલોમીટરની ત્રિજયામાં આઉગ ગ્રોથ એરિયામાં શહેર સમકક્ષ સફાઈ વ્યવસ્થા ગોઠવવા આયોજન કર્યુ છે. જેમાં ગુડાને લેન્ડ ફીલ્ડ સાઈટ પસંદ કરવા તેમજ નિભાવણી કરવા માટેની જવાબદારી આપવામાં આવી છે. લેન્ડ ફીલ્ડ સાઈટ પસંદ કરવાનુ ગુડા માટે અઘરુ પુરવાર થઈ રહ્યુ છે. અગાઉ કોર્પોરેશને પણ આ મામલે એક દાયકા સુધી આ મામલે કાંઈ કર્યુ નથી. અલબત્ત સાઈટ મળી નથી. જયારે આઉટ ગ્રોથ વિસ્તારમાં સફાઈની વ્યવસ્થા ગોઠવવા માટે સરકારે જિલ્લા તેમજ રાજય કક્ષાની સમિતિની રચના પણ કરી છે. આ મામલે જે ઠરાવ કરવામાં આવ્યો તેમાં જણાવાયા

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com